**<u>બોટાદ ના મહે એડી. ચીફ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટમાં, મું.બોટાદ</u>**

ફોજદારી કેસ નં.૬૭૯૭/૨૦૨૬

**પ્લી તળે હુકમ**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનો આરોપીએ માનનીય બોટાદ ના મહે. અધીક જીલ્લા મેજી. સાહેબશ્રીના જાહેરનામુ પ્રસીધ્ધ કરેલ હોય જેના હુકમનું ઉલ્લઘન કરી ગુનો કરી મળી આવતા તમો આરોપીએ બી.એન.એસ.૨૨૩ મુજબનો ગુનો કરેલ છે.

૨. આરોપીએ અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેર્પસની નકલ આપી ત્યારબાદ આરોપીએ ગુનાની કબુલાત પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા આરોપીની પ્લી લઈ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે આરોપીએ કરેલી કબુલાતએ કોઈના દાબ, દબાણ વિના સ્વખુશીએ કરેલ હોય તે નહિ માનવા માટે મને કોઈ કારણ જણાતુ નથી. આરોપીને સજા અંગે પુછતા જણાવેલ છે કે,આરોપીનો પ્રથમ ગુનો છે. ગુના બદલ અફસોસ વ્યકત કરી દયાની માંગણી કરે છે. ઉપરોકત સંજોગો , ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતા આરોપી દ્રારા અદાલત સમક્ષ કબુલાત ધ્યાને લેતા નામદાર ગુજરાત વડી અદાલ તે ૨૦૦૫ (૧) જી.એલ.આર.૭૦૯, ન ટવરચંદ્ર હિરાચંદ ઠાકોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનાં કેસમાં પ્રસ્થાપિત થયેલ સિંધ્ધાતો ધ્યાને લેતાં તેમજ આજરોજ નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટ, બોટાદ દ્રારા નેશનલ લોક અદાલતનું આયોજનનાં ભાગરૂપે મેજીસ્ટ્રેટીયલ કોર્ટમાં કબુલાત પાત્ર થાય તેવા કેસોના નિકાલ માટે સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ–૨૭૫ હેઠળ બી.એન.એસ–૨૨૩ મુજબના ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે.આરોપીને રૂ.૨૦૦/– (અંકે રૂ. બસો) પુરાનો દંડ કરવામાં આવે છે તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે.જો દંડ ન ભરે તો દિન– ૦૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ વાંચી સંભળાવી નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો.

**તા.૧૧/૦૭ /૨૦૨૬** **(એન.એચ.શેખ)**

**બોટાદ** **એડી. ચીફ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ**

**બોટાદ**

**જી.જે.૦૦૮૬૩**

દંડની રકમ રૂ.૨૦૦/– (અંકે બસો પુરા) પહોચ નંબર–.......... દ્રારા વસુલ લીધા.

નાઝર

એડી.ચીફ.જયુ.મેજી.

બોટાદ